દાખલ તારીખ : ૧૩.૦૩.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૩.૦૩.૨૦૨૬
નિર્ણય તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૪

==========================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==========================================================

**ફો. પ. અ. નં.૧૧૯/૨૦૨૬**
**આંક–**

**મહમદભાઈ અલીભાઈ મુગલ,**
ઉ.વ.આ.૧૯, ધંધો: છુટક મજુરી,
રહે.ચમોડા ગામ, હે. ગામ વિસ્તાર,
તા. વેરાવળ, જી. ગીર સોમનાથ.
હાલ રહે. જીલ્લા જેલ જુનાગઢ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **...... સામાવાળા**

---

અરજદાર તરફે વિ. વકિલ શ્રી જે. આઈ. સેલત
શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા

---

**:: બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી ::**

**:: ચૂકાદો ::**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૬૦૦૯૨૬૦૦૯૧/૨૦૨૬ થી બી. એન. એસ. એકટની કલમ–૧૧૮(૧), ૧૧૮(૨), ૧૧૫(૨), ૩૧૦(૨), ૩૦૯(૪), ૩૫૨, ૩૫૧(૨) તથા ૫૪ મુજબના ગુના સબબ જયુડીશયલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજૂ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વકિલ શ્રી જે. આઇ. સેલતની દલીલ છે કે, ફો.પ.અ.નં.૧૦૫/૨૦૨૬ થી સહ આરોપી નં.૨ ને જામીન ઉપર મુકત કરેલ છે

જેથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપર અરજદારને જામીન પર મુકત કરવા અરજ કરેલ છે અને બનાવ તા.૦૫.૧૧.૨૦૨૫ ના રોજ બનેલ છે. બનાવ સમયે ફરીયાદ આપેલ નથી. દવાખાનામાં દાખલ થયા ત્યારે પણ ફરીયાદ આપેલ નથી અને પાછળથી કોર્ટમાં ફરીયાદ આપતા કોર્ટે બી. એન. એસ. એકટની કલમ-૧૭૫ (૩) હેઠળ ગુનો નોંધવા હુકમ કરેલ છે. ખરેખર આવો કોઇ બનાવ બનેલ નથી. અમોને પાછળથી સંડોવી દીધેલ છે. સ્થાનિક રહેવાસી છે, કયાંય નાશી ભાગી જાય તેવા ઇસમ નથી, નામ. કોર્ટ જે કોઇ શરતો ફરમાવે તે તમામ શરતો પાળવા તૈયાર છીએ, જેથી અરજી મંજુર કરવા વિનંતી છે.

(૪) ફરિયાદપક્ષે વિ.વ.શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, ગંભીર પ્રકારનો ગુનો છે, કોર્ટના હુકમ મુજબ ગુનો નોંધાયેલ છે, તપાસ હાલ ચાલુ છે, અન્ય આરોપીને પકડવાના બાકી છે. આ કામના અરજદાર/આરોપી ગુનાહીત માનસ ધરાવે છે અને તેમના વિરૂધ્ધ ગુનાઓ નોંધાયેલ છે, જેથી અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) બન્ને પક્ષકારોના વિ. વ. શ્રીની દલીલો, ફરીયાદ હકીકત, ત. ક. અમલદારશ્રી રજૂ કરેલ સોગંદનામું વંચાણે લેતા ફરીયાદીએ એવી ફરીયાદ આપેલ છે કે, તા.૦૫.૧૧.૨૦૨૫ ના સાંજના સાત વાગ્યાના અરસાના ભાગે ચુસુફ કોલોની પાસેથી નિકળેલા ત્યારે અજમેરી કોલોની પાસે આરોપીઓએ જીવલેણ હથિયારોથી હુમલો કરતા સાહેદ સોહેલ ઉર્ફે ચકી નાશી ગયેલ અને ફરીયાદી હાથમાં આવી જતા આરોપી નં. ૧ થી ૪ નાઓએ લાકડાના ધોકા વડે તથા આરોપી નં. (૫) નાએ પાઇપથી માર મારી ડાબા હાથના પંજામાં ફ્રેકચર કરી, મોબાઇલ ફોન ઝુંટવી લઇ, આરોપી નં. (૧) નાએ ફરીયાદીના ખીસ્સામાંથી રોકડ રૂ.૫,૦૦૦/- લુંટી લઇ, જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે. ઉપરોકત હકીકતવાળી ફરીયાદ વેરાવળ કોર્ટમાં કરતા બી. એન. એસ. એસ. એકટની કલમ-૧૭૫(૩) અન્વયે એફ. આઇ. આર. નોંધવા આદેશ કરતા આરોપીઓને અટક કરવામાં આવેલ છે. ફરીયાદીને વિમ્સ હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયેલ, ત્યાંથી પણ ફરીયાદ આપેલ નથી. ફરીયાદીના કથન મુજબ તેઓએ વેરાવળ સરકારી હોસ્પીટલમા ફરીયાદ આપેલી, પરંતુ તપાસ કરતા જાણવા મળેલ કે ફરીયાદ થયેલ નથી. ત. ક. અમલદારશ્રીએ જે રીપોર્ટ રજૂ કરેલ છે, તે મુજબ તેઓને લેખિતમાં ફરીયાદ અરજી આપેલ, તે અરજી અન્વયે

નિવેદન લખાવવા માટે પી. એસ. આઇ. શ્રી કે. એમ. ચાવડાનાઓએ સંપર્ક કરેલ પણ નિવેદન લખાવવા માટે આવેલ નહીં. ફરીયાદીએ પાછળથી ફરીયાદ નોંધાવેલ હોય, શરૂઆતમાં લખાવેલ ન હોય શંકાસ્પદ છે, ત્યારે ગુનાની ગંભીરતા તથા આરોપીનો રોલ ધ્યાને લેતા તેમજ આરોપી સ્થાનિક રહેવાસી છે, કયાંય નાશી ભાગી જાય તેવા ઇસમ નથી અને નામ. કોર્ટમાં મુદતે હાજર રહેવાની ખાત્રી આપે છે. તેમજ હાલના ગુનાના સહઆરોપીને ફો.પ.અ.નં.૧૦૫/૨૦૨૬ ના કામે તા.૧૦.૦૩.૨૦૨૬ ના કામે જામીન પર મુકત કરેલ છે. હાલના આરોપીનો રોલ જે અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે તેનાથી વધુ ગંભીર હોય તેવુ જણાતુ ન હોય જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના **રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૧(૦) જી.એલ.એચ.ઇ.એલ.(હાઇકોર્ટ) ૨૨૫૦૭૧** ના ચૂકાદાના સિધ્ધાંતોને ધ્યાને લેતા પૅરેટીનો લાભ આપવો ન્યાયોચિત જણાતુ હોય જેથી હાલની જામીન અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ હોય મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ઃ: આખરી હુકમ ઃ:

**(૧)** અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપી **મહમદભાઇ અલીભાઇ મુગલ,** ઉ.વ.આ.૧૯, ધંધો: છુટક મજુરી, રહે.ચમોડા ગામ, ઠે. ગામ વિસ્તાર, તા. વેરાવળ, જી. ગીર સોમનાથ., હાલ રહે. જીલ્લા જેલ જુનાગઢવાળાને વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૮૬૦૦૯૨૬૦૦૯૧/૨૦૨૬ થી બી. એન. એસ. એકટની કલમ–૧૧૮(૧), ૧૧૮(૨), ૧૧૫(૨), ૩૧૦(૨), ૩૦૯(૪), ૩૫૨, ૩૫૧(૨) તથા ૫૪ મુજબના ગુનાના કામે અરજદાર/ આરોપીએ **રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર)** પુરાના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

## ઃ: શરતો ઃ:

**૧)** અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસ જે અદાલતમાં ચાલે તે અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવુ.

**૨)** અરજદાર/આરોપીએ આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

**૩)** અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે ફરિયાદપક્ષના સાહેદોને લોભ–લાલચ, ધાક–ધમકી કે અન્ય કોઇપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહીં.

**૪)** અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું મોબાઈલ નંબર સહિત રજૂ કરવુ અને તેમાં કોર્ટની પરવાનગી સિવાય કોઇ ફેરફાર કરવો નહીં.

**૫)** અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો અદાલતમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે મતલબની પુરસીસ રજુ કરવી.

**૬)** અરજદાર/આરોપીએ ત. ક. અધિકારીને તપાસમાં સાથ અને સહકાર આપવાનો રહેશે.

**(૩)** અરજદાર/આરોપીએ જામીન તથા જાતમુચરકા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા.

**(૪)** આ હુકમની જાણ સંબંધિત પો. સ્ટે. અને કોર્ટને અલગ યાદીથી કરવી.

**(૫)** અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઇમેઇલ દ્બારા કરવી.

આજરોજ આ હુકમ તા.૧૭મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬